D.N.A. (Ahmedabad)

5 January, 2017

# Restore input tax credit on natural gas: Assocham

## Guj had withdrawn the tax credit on inter-state sale of natural gas in Nov

dna correspondent @dnaahmedabad

**Ahmedabad:** Industry body Assocham has called for revoking the Gujarat government's notification regarding withdrawal of input tax credit on inter-state sale of natural gas. The trade body said the demand was in the larger interest of industries, and that the November 28, 2016 order should be revoked.

Assocham said that because of the notification, cost of Re-gasified Liquefied Natural Gas (R-LNG) supplied by Petronet LNG, which has a LNG import terminal at Dahej, to PSU gas distributors such as GAIL, Indian Oil Corporation, outside the state has shot up.

"These companies have passed on the tax increase to the industry outside Gujarat, thus making R-LNG costlier by 11 per cent with adverse impact ranging from Rs2.50-3 per standard cubic metre (scm)," Assocham said in a letter to union commerce minister Nirmala Sitharaman and Gujarat finance minister Nitin Patel.

The industry body said that many industries have long-term agreements with PSU distributors for supply of R-LNG, and therefore they cannot switch to cheaper alternate energy sources due to 'take or pay' clause in the said agreements.

"At a time when trade and industry are moving towards implementation of Goods and Services Tax (GST), withdrawal of input tax credit on natural gas is unjust for industries outside the state, as it is making them uncompetitive," it added.

### Reason for the demand

**Assocham said** because of the notification, cost of Re-gasified Liquefied Natural Gas (R-LNG) supplied by Petronet LNG, which has a LNG import terminal at Dahej, to PSU gas distributors such as GAIL, Indian Oil Corporation, outside the state has shot up.

ASSOCHAM IN THE NEWS

**Gujarat Samachar (Ahmedabad)** **5 January, 2017**

### નેચરલ ગેસની કિંમતમાં મોટો ઉછાળો આવતો હોવાથી માગણી કરાઈ

# કુદરતી ગેસનાં આંતરરાજ્યના વેચાણની ITC રદ કરતો પરિપત્ર પાછો ખેંચો

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,બુધવાર

ગુજરાત સરકારના નાણાં ખાતાએ ૨૮મી નવેમ્બરે બહાર પાડેલા પરિપત્રના માધ્યમથી કુદરતી ગેસના આંતરરાજ્યના વેચાણો અને બ્રાન્ચ ટ્રાન્સફર પર મળતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ બંધ કરી દેવામાં આવી છે. ગુજરાત સરકારના આ પરિપત્રને પરિણામે ઉદ્યોગોને મોટી ખોટ જતી હોવાનું જણાવીને આ પરિપત્ર તત્કાળ પાછો ખેંચી લેવાની માગણી ઉદ્યોગોએ કરી છે.

## બ્રાન્ચ ટ્રાન્સફર કરનારાઓને પણ ઈનપુટ ટેક્સ ક્રેડિટથી વંચિત કરી દેવાનો ગુજરાત સરકારનો નિર્ણય અયોગ્ય

ગુજરાત સરકારના આ નોટિફિકેશનને પરિણામે પેટ્રોનેટ એલએનજી દ્વારા ગેઈલ ઈન્ડિયા, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને આપવામાં આવતા રિગેસિફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસના સપ્લાયની કિંમતમાં ૧૫ ટકાનો વધારો થઈ જાય છે.

ગુજરાતના નાણાં મંત્રી નીતિન પટેલ અને કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી નિર્મલા સીતારામનને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓએ ભાવ વધારાનો આ બોજ ગુજરાતની બહારના ઉદ્યોગોને માથે નાખી દીધો છે. પરિણામે આરએલએનજીના ભાવમાં ૧૧ ટકાનો વધારો થઈ ગયો છે. સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરદીઠ ભાવમાં રૂા.૨.૫૦થી રૂા.૩.૦૦નો વધારો આવી ગયો છે. આરએલએનજીના સાપ્લાય માટે ઘણી કંપનીઓ લાંબા ગાળાના કરાર કરે છે. તેમણે જાહેર ક્ષેત્રની કંપનીઓના વિતરકો પાસેથી જ લાંબા ગાળા સુધી આ ગેસ ખરીદવા માટે કરારથી બંધાયેલી છે. જાહેર ક્ષેત્રની કંપનીના વિતરકો તેમના કરારમાંથી પાછા હટી પણ શકતા નથી અને તેમને મોંઘો ગેસ ખરીદવો પરવડતો પણ નથી.

ગુજરાત સરકારના નોટિફિકેશનને પરિણામે આરએલએનજી ગેસના ભાવમાં વધુ મોટો ભડકો થયો છે. તેથી ગુજરાતની બહારના ઉદ્યોગોને મોટો ફટકો પડ્યો છે. વેપાર અને ઉદ્યોગ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની વ્યવસ્થાનો અમલ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે તેવા તબક્કે જ ઈન પુટ ટેક્સ ક્રેડિટ પાછી ખેંચી લેવાનો નિર્ણય ગુજરાતની બહારના ઉદ્યોગને માટે હળાહળ અન્યાય કર્તા જ છે. ગુજરાત સરકારના આ નિર્ણયને પરિણામે તેઓ દેશના અન્ય વિસ્તારના હરીફો સામેની હરીફાઈમાં જરાય ટકી શકે તેવી સ્થિતિમાં જ રહ્યા નથી. તેથી ગુજરાત સરકારનો પરિપત્ર પાછો ખેંચી લેવાની માગણી કરવામાં આવી છે.

**Divya Bhaskar (Ahmedabad)** **5 January, 2017**

15 ટકા ભાવ વૃદ્ધિથી ઉદ્યોગોને માઠી અસર થશે

# નેચરલ ગેસ અંગેનું જાહેરનામું રદ કરવા કેન્દ્રને અપીલ કરાઈ

## એસોચેમે ઈનપુટ ટેક્સ ક્રેડિટ પાછી ખેંચવા કહ્યું

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાતમાં નેચરલ ગેસ અંગેનું નોટિફિકેશન તત્કાળ રદ કરવા અથવા તેના આંતર-રાજ્ય વેચાણ-બ્રાન્ચ ટ્રાન્સફર પરની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈ.ટી.સી.) પાછી ખેંચવા માટે એસોચેમે કેન્દ્ર સરકારને અપીલ કરી છે. ઉદ્યોગોના એકંદર હિતને ધ્યાનમાં રાખીને સરકારને આ અપીલ કરાઈ છે.

કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી નિર્મલા સીતારામન અને ગુજરાતના નાણાં મંત્રી નીતિન પટેલ સમક્ષ કરાયેલ લેખિત રજૂઆતમાં એસોચેમે જણાવ્યું છે કે, કેન્દ્રના નાણાં વિભાગે તા.28 નવેમ્બર, 2016ના રોજ પ્રસિદ્ધ કરાયેલા નોટિફિકેશનને પરિણામે રાજ્ય સરકાર હસ્તકના પેટ્રોનેટ એલએનજી દ્વારા ગેઈલ, ઈન્ડિયન ઓઈલ, તેમજ અન્ય સરકારી ઓઈલ કંપનીઓને પૂરો પાડવામાં આવતા રિ-ગેસીફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસની કિંમત 4 ટકાથી લગભગ 15 ટકાનો વધારો થયો છે. આ પ્રકારે જાહેર સાહસની (સરકારી)ઓઈલ કંપનીઓ દ્વારા ગુજરાત બહાર ગેસ ડિસ્ટ્રિબ્યુશન પરના ટેક્સમાં વધારે છે અને તેના પરિણામે આર.એલ.એન.જી.ની કિંમતમાં 11 ટકાનો વધારો થાય છે. આને લીધે સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર દીઠ રૂ. 2.50થી રૂ. 3 જેટલો ભાવવધારો થવાને કારણે ઉદ્યોગો પર માઠી અસર પડે છે.

એસોચેમે જણાવ્યું છે કે, મોટાભાગના ઉદ્યોગોએ સરકારી ઓઈલ કંપનીઓ (પીએસયુ) ડિસ્ટ્રિબ્યુટર્સ સાથે આર.એલ.એન.જી. માટે લાંબાગાળાના કરાર કર્યા હોવાથી તેઓ વૈકલ્પિક સસ્તા એનર્જી સ્ત્રોત મેળવી શકતા નથી. આ નોટિફિકેશનના પરિણામે આર.એલ.એન.જી. વધુ મોંઘો બની જવાને કારણે ગુજરાત બહારના ઉદ્યોગો પર માઠી અસર પડી છે.

દેશમાં જીએસટીનો અમલ કરવા માટેની કવાયત હાથ ધરાઈ રહી છે તેમજ આ હેતુસર દેશના વ્યાપાર અને ઉદ્યોગો પણ જીએસટી અપનાવવા સજ્જ બની રહ્યા છે તેવા સમયે ઈનપુટ ટેક્સ ક્રેડિટ પાછી ખેંચી લેવાની બાબત ગુજરાત બહારના ઉદ્યોગોને અન્યાય સમાન છે.

Ahmedabad Express (Ahmedabad) 5 January, 2017

# ગુજરાતમાં નેચરલ ગેસ માટે નોટીફીકેશન રદ કરવા અથવા ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પાછી ખેચવા એસોચેમ દ્વારા અપીલ કરાઈ આર.એલ.એન.જી ની કીંમત

## ગુજરાત બહારના રાજ્યમાં ૧૫% વધુ

પ્રતિનિધિ દ્વારા, અમદાવાદ, તા. ૪

ઈન્ડસ્ટ્રીના હીતને ધ્યાનામાં રાખી દેશની ટોચની ઔધોગીક સંસ્થા એસોચેમ દ્વારા કેન્દ્ર સરકારને અરજ કરાઈ છે કે, ગુજરાતમાં નેચરલ ગેસ માટે નોટીફીકેશન રદ કરવા અથવા ઈનપુટ ટેક્ષ કેડીટ પાછી ખેચવા એસોચેમ દ્વારા અપલી કરાઈ. નોટીફીકેશન ના સંદર્ભે રી-ગેસીફાઈડ લીકવીફાઈડ નેચરલ ગેસ (આર. એલ. એન. જી.)ની કિંમત ગુજરાત બેઝ ઉપર હસ્તગત પેટ્રોનેટ એલ.એનજી. દ્વારા બીજા ગેસ ડ્રીસ્ટ્રીબ્યુટર જેવા કે ગેલ ઈન્ડિયા, ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડને નાણ મંત્રી શ્રી નીતીનભાઈ પટેલને પત્ર મોકલાયેલ છે.

આ સરકારી સાહસ દ્વારા ગુજરાત બહાર ગેસ ડીસ્ટ્રીબ્યુશન માટે ટેક્ષ લેવાય છે, જેથી આર.એલ.એન.જની કીમતમાં ૧૧% વધી જાય છે. એક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર (એસ.સી.એમ) માટે રૂા. ૨.૫૦ થી ૩ જેટલો વધુ જાય છે.

પીએસ.યુ સાથેના લાંબાગાળાના કરાર થયાલે હોવાથી બીજા ડીસ્ટ્રીબ્યુટર સાથે જોડાઈ શકતા નથી.

''નોટીફીકેશન થકી આર.એલ.એન.જી ગુજરાત બહારના રાજ્ય માટે કીંમત વધુ જાય છે.''

વધુમાં આપણે જ્યારે જી.એસ.ટીનું અમલીકરણ કરી રહ્યા છીએ ત્યારે આ ટેક્ષ પણ રદ કરવો જોઈએ.